પૂર્ણ દિવસનું કિન્ડરગાર્ટન

માતાપિતા માટે પ્રશ્ન અને જવાબની માર્ગદર્શિકા

તમારા બાળક અને તમારા માટે પૂર્ણ દિવસનું કિન્ડરગાર્ટન શરૂ કરવું એક નવું ઉત્સાહપૂર્ણ પગલું છે. આ માર્ગદર્શિકા પૂર્ણ દિવસના કિન્ડરગાર્ટન વિશે થોડી વિગતો તમને આપે છે અને તે કેવી રીતે કામ કરે છે અને તમારા બાળકને તે કેવી રીતે મદદ કરશે તેના વિશેના તમારા પ્રશ્નોના જવાબ આપે છે.

પૂર્ણ દિવસનું કિન્ડરગાર્ટન શું છે?

સપ્ટેમ્બર 2010માં ઓન્ટારીયોએ ચાર- અને પાંચ- વર્ષના બાળકો માટે પૂર્ણ દિવસના કિન્ડરગાર્ટનમાં તબક્કા શરૂ કર્યાં હતા. સપ્ટેમ્બર 2014 સુધીમાં સમગ્ર પ્રાંતની તમામ પ્રાથમિક શાળાઓમાં તે લાગુ કરવામાં આવશે.

પૂર્ણ દિવસનું કિન્ડરગાર્ટન રજૂ કરે છે:

- શાળા નિયમિત દિવસ દરમિયાન રમત મારફતે શિક્ષણ સાથે વ્યસ્ત શૈક્ષણિક કાર્યક્રમ
- શાળાના કલાકો પહેલાં અને પછીના કાર્યક્રમો જે શાળાના નિયમિત દિવસની પૂર્તિ કરવા માટે તૈયાર કરવામાં આવ્યાં છે. આ વૈકલ્પિક છે અને વાલીઓને વ્યાજબી દરોએ પૂરાં પાડવામાં આવે છે. લાયક ઠરે એવા પરીવારો માટે નાણાકીય સહાય ઉપલબ્ધ બનશે. બોર્ડ્સ શાળાના સમય પહેલા અને પછીના કાર્યક્રમો વાલીઓની માગને આધારે પૂરા પાડશે.

મારા બાળકને કેવી રીતે લાભ થશે?

વર્તમાન કિન્ડરગાર્ટન કાર્યક્રમોની માફક પૂર્ણ દિવસનું કિન્ડરગાર્ટન ચાર- અને પાંચ- વર્ષના બાળકો માટે વૈકલ્પિક છે. પરંતુ સંશોધન દર્શાવે છે કે જે બાળકો પૂર્ણ દિવસના કિન્ડરગાર્ટન જેવા પૂર્ણ દિવસના આરંભિક તાલીમ કાર્યક્રમોમાં હિસ્સો લે છે તેઓ જીવનમાં વધુ મજબૂત આરંભ કરી શકે છે. પૂર્ણ દિવસના કિન્ડરગાર્ટનમાં તમારા બાળકને આ મુજબ ફાયદો થશે:

• શાળામાં મજબૂત આરંભ

જીવનમાં વહેલાસર તાલીમનો એક સંપૂર્ણ દિવસ તમારા બાળકના વાંચન, લેખન અને ગણિતની કુશળતાને સુધારવામાં મદદ કરી શકે છે અને ભવિષ્યની તાલીમ માટે મજબૂત પાયો પૂરો પાડી શકે છે. તે તમારા અને તમારા બાળક બંને માટે ગ્રેડ I માં સ્થાનાંતરણ પણ સરળ બનાવે છે. જ્યારે શાળાની શરૂઆત બાળકો માટે એક આનંદદાયક અનુભવ બને ત્યારે બાળકોનો તાલીમ પ્રત્યે ઝુકાવ વધે છે અને તેઓ શાળાના અનુભવનો હિસ્સો બનવા વધુ તત્પર બનશે.

ontario.ca/EDUparents

Ontario

- **સહપાઠી સાથે વધુ સમય**

શાળાના નિયમિત દિવસ દરમિયાન તમારા બાળકને બીજા બાળકો સાથે હળી-મળી શકવાથી લાભ થશે અને તે ભવિષ્યની સફળતા માટે જરૂરી શૈક્ષણિક અને સામાજિક કુશળતા વિકસાવશે. શાળાના સમય પહેલા અને પછીના કાર્યક્રમો તમારા બાળકને બીજા બાળકો સાથે સુપરિચિત વાતાવરણમાં હજુ વધુ સમય આપશે.

- **એક સંપૂર્ણ અને સંકલિત દિવસ**

તમારું બાળક વિવિધ કાર્યક્રમ અને સ્થળ પર જવાને બદલે સ્ટાફ અને મિત્રો સાથે સુપરિચિત વાતાવરણમાં રહેશે.

મારા બાળકની તાલીમને કોણ ટેકો આપશે?

શિક્ષકો અને અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેટર્સ તમારા બાળકને શાળાના દિવસ દરમિયાન શીખવામાં મદદ કરવા માટે સાથે મળીને કામ કરશે. તેઓ સંભાળપૂર્વક આયોજીત કાર્યક્રમ અમલમાં મૂકશે, જે પડકારરૂપ છે અને પ્રત્યેક બાળકના વિકાસનાં સ્તર તરફ પ્રેરિત છે.

કાર્યક્રમમાં અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેટર્સ અને શિક્ષકો જે પૂરક કૌશલ્યો અને અનુભવ લાવે છે તેનાથી તમારું બાળક લાભ મેળવશે. પૂર્ણ શાળાના દિવસ માટે વર્ગખંડમાં બે યોગ્યતાપ્રાપ્ત વ્યાવસાયિકો હોવાથી તમારા બાળકને વધારે વ્યક્તિગત કાળજી અને શીખવાની વધુ તકો મળશે.

શાળાના નિયમિત દિવસ દરમિયાન મારું બાળક શું શીખશે અને શું કરશે?

તમારું બાળક યુવાન શીખનારાઓને નિરીક્ષણ કરવા, શોધખોળ કરવા અને વૃદ્ધિ પામવા માટે મદદ કરવા માટે તૈયાર કરેલી વિવિધ પ્રકારની ઘણી પ્રવૃત્તિઓમાં સામેલ થશે.

સંશોધન દર્શાવે છે કે નાનાં બાળકો માટે ખાસ કરીને સમસ્યા નિરાકરણ, ભાષા અને આંકડાઓની કુશળતા અને સામાજિક, શારીરિક અને ભાવનાત્મક કુશળતાનાં ક્ષેત્રે રમત અને તાલીમ વચ્ચે મજબૂત કડી રહેલી છે. તમારું બાળક ત્વરીત રમતોમાં હિસ્સો લેશે અને શિક્ષકના અને અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેટરના માર્ગદર્શન અંતર્ગત રમત થકી વધુ માળખાગત તાલીમમાં સામેલ થશે. આ પ્રવૃત્તિઓ તમારા બાળકને રચનાત્મક રીતે વિચારવા, સંશોધન અને શોધ કરવા તથા સમસ્યાનું નિરાકરણ કરવા માટે અને શિક્ષણની અન્યો સાથે આપલે કરવામાં મદદ કરશે.

પૂર્ણ દિવસના કિન્ડરગાર્ટન વર્ગોમાં શિક્ષકો અને અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેટર્સ નવા અભ્યાસક્રમ દસ્તાવેજ દ્વારા માર્ગદર્શન પામશે, જે તમારા બાળકની સામાજિક, ભાવનાત્મક, શૈક્ષણિક અને શારીરિક કુશળતાને વિકસાવવામાં મદદ માટે તૈયાર કરવામાં આવ્યા છે જે શાળા અને સમગ્ર જીવન દરમિયાન સફળતા માટે સારો પાયો નાખે છે.

રમત સાથે તાલીમના ઉદાહરણો

શોધ અને તપાસ:

ઘણા બાળકો નાની નૌકા બનાવે છે અને પાણીમાં મૂકે છે. પ્રત્યેક બાળક તેની નૌકા પાણીમાં મૂકે છે અને એક સમયે એક છીપ નૌકામાં મૂકે છે. અન્ય બાળક સરળ ગણતરીનો ઉપયોગ કરીને મૂકવામાં આવેલા છીપની સંખ્યા પર ધ્યાન રાખવામાં મદદ કરે છે. શિક્ષક અથવા અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેટર બાળકને નૌકા ડૂબે તે પહેલાં કઈ નૌકામાં સૌથી વધુ છીપ ધરાવે છે તે શોધવા માટે અને તે અન્ય નૌકાઓ કરતા કેવી રીતે અલગ છે એ અંગે વિચારવા માટે જણાવે છે.

સર્જનાત્મક વિચારશૈલી:

બાળકોનું એક નાનું જૂથ તેમની ઉંચાઈ જેટલો ટાવર બનાવવાના અનેક પ્રયત્ન કરે છે. વારંવાર પ્રયત્ન અને ક્ષતિ દ્વારા તેઓ શોધે છે કે જો તેઓ ટાવરનો પાયો પહોળો બનાવે તો તેઓ તેને ઊંચો બનાવી શકે છે. તૈયાર ઉત્પાદનનું તેઓ ચિત્ર તૈયાર કરે છે અને પોતાનો ઉપાય દર્શાવવા માટે તે ચિત્ર પર લેબલ મૂકે છે.

નિરીક્ષણ અને તાલીમ:

રિસાયકલ કરેલી સામગ્રીમાંથી બર્ડ ફિડર બનાવ્યા બાદ, બાળકો તેમને તેમના વર્ગની બારીની બહારનાં વૃક્ષ પર મૂકે છે. પ્રત્યેક ફિડરમાં થતી પ્રવૃત્તિનું તેઓ નિરીક્ષણ કરે છે અને તેમને નોંધે છે. શિક્ષક અથવા અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેટરની સહાયથી અને તેમના પોતાના નિરીક્ષણોના આધારે કેટલાક બાળકો તેમના ફિડરમાં સુધારો કરે છે અને પક્ષીની પ્રવૃત્તિમાં ફેરફારની અસર નોંધવા માટે તેમને પાછા બહાર મૂકશે.

શાળા પહેલા અને પછી મારું બાળક શું શીખશે?

જો આવશ્યક પ્રમાણમાં વાલીઓ રસ દાખવે તો શાળાના વર્ષ દરમિયાન કેટલીક શાળાઓ પહેલા અને પછીના શાળા સંકલિત કાર્યક્રમ ઓફર કરે છે. આ કાર્યક્રમ શાળાના નિયમિત દિવસમાં થતી પ્રવૃત્તિઓમાં પૂરક બનશે. અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેટરની સંભાળ હેઠળ, વિદ્યાર્થીઓ શાંત વાંચન સમય, જીમમાં અથવા બહારની પ્રવૃત્તિઓ, કોમ્પ્યુટર લેબની મુલાકાતો, તેમજ વર્ગખંડમાં છૂટથી રમવાના સમયમાં ભાગ લેશે.

જ્યાં વાલી તરફથી પૂરતી માગ હોય અને બોર્ડ ક્ષમતા ધરાવતું હોય તો શાળાનાં કેટલાક બોર્ડ્સ ઉનાળાનો સમય અને માર્ચની રજાઓ સહિત વર્ષના અન્ય સમયમાં કાર્યક્રમને લંબાવી શકે છે. તેઓ છ થી 12 વર્ષના બાળકોને પણ કાર્યક્રમ ઉપલબ્ધ કરાવી શકે છે.

કાર્યક્રમો વૈકલ્પિક છે અને શાળાનાં બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલી વ્યાજબી ફી પર પૂરા પાડવામાં આવે છે. વધુ માહિતી માટે તમારા સ્થાનિક પ્રિન્સિપાલ અથવા બોર્ડનો સંપર્ક કરો. નાણાકીય જરૂરિયાતના આધારે મ્યુનિસીપાલિટી દ્વારા કેટલાક પરીવારો માટે રાહત ઉપલબ્ધ બનશે.

હું કેવી રીતે સામેલ થઈ શકું છું?

તમારા બાળકનાં શિક્ષણમાં તમારી સામેલગીરી તેના શિક્ષણના દરેક તબક્કે મહત્ત્વની છે. પ્રસ્તુત છે કેટલાક સરળ ઉપાયો જેનાથી તમે તમારા બાળકને પૂર્ણ દિવસના કિન્ડરગાર્ડનનો મહત્તમ લાભ પ્રાપ્ત કરવામાં મદદ કરી શકો છો:

- તમે તમારા બાળકને રોજે કેવી રીતે મદદ કરી શકો છો તે જાણવા માટે શિક્ષક અથવા અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેટર સાથે વાત કરો; ઉદાહરણ તરીકે તમારા બાળક સમક્ષ વાંચન કરીને, તમારા બાળક સાથે રમીને, અને અન્ય તાલીમલક્ષી પ્રવૃત્તિઓનો આનંદ ઉઠાવીને.
- તમારા બાળકે આજે પ્રવૃત્તિ કેન્દ્રો ખાતે શું કર્યું તે પૂછીને તમારા બાળકના શિક્ષણમાં રસ દાખવો અને શાળા અને શિક્ષણને પરિવારની વાતચીતનો એક અગત્યનો ભાગ બનાવો. તમે તમારા બાળકને દિવસ દરમિયાન તે શું શીખ્યા એ અંગે પણ પૂછી શકો છો. ઉદાહરણ તરીકે:
  - આજે પ્રવૃત્તિ કેન્દ્ર ખાતે તમે શું કર્યું (ઉદાહરણ તરીકે, બ્લોક્સ, રેતી, પાણી, પુસ્તકાલય, નાટક ભજવવું)? તમે ત્યાં શું કર્યું?
  - આજે તમારા વર્ગમાં તમારા એક ખાસ મુલાકાતી હતા. તેઓ કોણ હતા? તેમણે શેના વિશે વાત કરી? તેમની સાથે તેઓ શું લાવ્યા હતા?
  - તમારા વર્ગના બુલેટીન બોર્ડમાં મૂકવામાં આવેલું તમારું ચિત્ર મેં જોયું. તમે આ કેવી રીતે બનાવ્યું એ અંગે મને જણાવો. શું દોરવું તેના વિશે તમે કેવી રીતે નક્કી કર્યું?
- માતાપિતા અને પરીવારો માટે આયોજિત માહિતી બેઠકો અને અન્ય કાર્યક્રમોમાં ભાગ લો.
- તમારા બાળકના શાળાના અનુભવ વિશે તમને કોઈ પ્રશ્નો કે ચિંતા હોય તો તમારા બાળકના શિક્ષક અથવા અર્લી ચાઈલ્ડહૂડ એજ્યુકેટર સાથે વાત કરો.

ઓન્ટારીયો દ્વારા પૂર્ણ દિવસનું કિન્ડરગાર્ટન શા માટે રજૂ કરવામાં આવ્યું છે?

આજનાં જટિલ વિશ્વમાં આપણા બાળકો માટે શિક્ષણનું મહત્વ હંમેશ કરતાં વધ્યું છે. પૂર્ણ દિવસનું કિન્ડરગાર્ટન તમારા બાળકને શાળામાં અને જીવનમાં એક મજબૂત શરૂઆત આપવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. ચાર અને પાંચ વર્ષના બાળક માટેનું પૂર્ણ દિવસનું કિન્ડરગાર્ટન ઓન્ટારીયોની આરંભિક તાલીમ અને બાળવિકાસને ટેકો આપવા માટે શાળાનાં મજબૂત તંત્રનું નિર્માણ કરવા માટે ઓન્ટારીયોના લાંબાગાળાના આર્થિક સ્પર્ધાત્મક લાભમાં ફાળો આપવા માટેનાં આયોજનનો હિસ્સો છે.

શું તમને વધુ પ્રશ્નો છે?

તમારા શાળાના પ્રિન્સિપાલને પૂછો તમારી શાળામાં પૂર્ણ દિવસના કિન્ડરગાર્ટન વિશે વધુ જાણકારી મેળવવા માટે.

પૂર્ણ દિવસના કિન્ડરગાર્ટન વિશે વધુ જાણકારી માટે અને શાળાઓની સૂચિ જોવા માટે મુલાકાત લો
www.ontario.ca/kindergarten

કૉલ કરો **1-800-387-5514** ઓન્ટારીયોમાં ટોલ-ફ્રી અને **(416) 325-2929** ઓન્ટારીયોની બહારથી અંગ્રેજી અને ફ્રેંચમાં જાણકારી માટે.

આ પત્રિકા અને માતાપિતા વિશે વિવિધ ભાષામાં વધુ માહિતી અહીં શોધો: **www.ontario.ca/EDUparents**

સર્વિસઓન્ટારીયો મારફતે અંગ્રેજી અને ફ્રેંચમાં આ પત્રિકાની છાપેલી નકલોનો અહીં ઓર્ડર કરો
www.ontario.ca/publications

ISBN 978-1-4606-1289-7 (PDF) (Gujarati) © ક્વિન્સ પ્રિન્ટર ફોર ઓન્ટારિયો, 2013

Ontario